# સફરજનનું ઝાડ

– ડૉ. ધર્મેન્દ્ર પટેલ

એક નાનકડું શહેર હતું.

શહેરમાં એક નાનો બગીચો હતો.

બગીચામાં જાત–જાતના ફૂલ–છોડ વાવેલાં હતાં. અને ભાત–ભાતના રંગબેરંગી પતંગિયા ત્યાં ઉડતા હતા. બગીચામાં કેટલીય જાતના નાના–મોટા ઝાડ ઉગ્યાં હતા. ઝાડ હતા ને ઝાડ પર પંખીઓના માળા પણ હતા. પંખીઓના કલશોરથી આખો બગીચો ગાજી ઉઠતો. પંખી રાજી તો ઝાડ રાજી. ઝાડ રાજી તો આખો બગીચો રાજી.

બગીચામાં આંબો, લીમડો, વડ, પીપળો, આંબલી ને રાયણના ઝાડ હતા. આ બધાની સાથે એક સફરજનનું પણ ઝાડ હતું. આ સફરજનનું ઝાડ ભારે અક્કડ અને અભિમાની. કોઈની સાથે બોલે પણ નહીં. બસ, એને તો પોતાના કીમતી ફળનું ગુમાન. કોઈ એની સાથે વાત કરવા માગે તો તરત જ સંભળાવી દે : ''તમે ક્યાં ને હું ક્યાં ? હું કેટલું કીમતી છું તેની ખબર છે તમને ? ને તમે તો બધા કેવા લઘરવઘર લાગો છો. છી ! તમારી સાથે વાત પણ કોણ કરે ?''

બિચારાં બીજા ઝાડવાં ! એ તો સફરજનના ઝાડની આવી વાત સાંભળી દુઃખી થઈ જતાં.

વળી, ફળ આવે ત્યારે તો એનું અભિમાન વધી જતું. કોઈ પંખીને પાસે આવવા જ ન દે. પછી ફળ તો શાનું ખાવા દે !

પંખીઓએ બગીચાના બીજા ઝાડ ને વાત કરી. બધા ઝાડે વારફરતી સફરજનના ઝાડને સમજાવ્યું. પણ એ માન્યું નહીં.

બગીચામાંના સૌથી મોટા એવા ઘરડાં વડલાએ સફરજનના ઝાડને સમજાવતા કહ્યું : ''આપણને ભગવાને ફળ બીજાને ખવડાવવા આપ્યા છે. તું પણ તારા મીઠા સફરજન પંખીઓને ખાવા દે.''

સફરજનના ઝાડને વડલાની શિખામણ જરાય ગમી નહીં. એ તો છણકો કરતાં બોલ્યું : ''તે તમારા બધાના ફળ ખાવા દોને ! મારે ખવડાવવા કે ન ખવડાવવા એ મારી મરજી સમજ્યા !''

વડલો નિરાશ થઈ ગયો. પણ એ હિંમત હાર્યો નહીં, એણે બધા પંખીઓને બોલાવ્યા અને કહ્યું : ''વહાલા પંખીડાઓ ! જુઓ, આ સફરજનનું ઝાડ આપણી વાત માનતું નથી માટે આપણે પણ એની પાસે જવાનું બંધ કરી દઈએ. કોઈ ઝાડે એની સાથે બોલવાનું નહીં. ને કોઈ પંખીએ એની પાસે જવાનું નહીં. બરાબરને !''

બધાએ વડલાની વાત માની.

સફરજનના ઝાડ પાસે જવાનું બંધ,

એની સાથે બોલવાનું બંધ.

સફરજનના ઝાડને તો જાણે મજા પડી ગઈ !

સમય વીત્યો. ઋતુ બદલાઈ ગઈ.

બધા ઝાડ પર ફળ આવ્યા.

સફરજનના ઝાડ પર પણ લાલ મીઠાં સફરજન ઉગ્યા. આખું ઝાડ સફરજનથી ભરાઈ ગયું. પાંદડા જેટલાં સફરજન ઊગી નીકળ્યા. સફરજનના ઝાડનું તો અભિમાન વધી ગયું. બહારથી કોઈ નવું પંખી ભૂલથી પણ ત્યાં આવી ચઢે તો ઝાડ એને ધમકાવી ઉડાડી મૂકે. બિચારું પંખી ! ગભરાઈને રડતું રડતું ઊડી જાય.

ફળો તો આવ્યા પણ કોઈએ ખાધા નહીં. ધીમે ધીમે સફરજન પાકી ગયા. અને પાકેલા ફળો પછી નીચે ખરી પડયા. ઝાડના થડમાં સફરજનનો ઢગલો થઈ ગયો. થોડા વખતમાં તો નીચે પડેલાં બધા સફરજન સડવા લાગ્યા. અને તેમાંથી દુર્ગંધ આવવા લાગી. અરે, સડેલાં સફરજનમાં કીડા પણ પડી ગયા. સફરજનનું ઝાડ દુર્ગંધથી અકળાઈ ગયું. એનું માથુ ફાટવા લાગ્યું. પણ કરે શું ?



પછી તો કીડા સફરજનના ઝાડ પર ચઢવા લાગ્યા. અને ઝાડને ચટકા ભરવા લાગ્યા. સફરજનનું ઝાડ અકળાયું. અને રડવા લાગ્યું. એણે બાજુના વડલાને વિનંતી કરી. ને વડના ઝાડે પંખીઓને સફરજનના ઝાડ પર જવા કહ્યું. પંખીઓ ઊડયા અને બેઠા સફરજનના ઝાડ પર. અને ઝાડ પર ચઢેલા કીડાને વીણીવીણીને ખાવા લાગ્યા. થોડીવારમાં તો બધા કીડા પૂરા થઈ ગયા.

ઝાડને રાહત થઈ. એણે રાજી થઈ બધા પંખીઓનો આભાર માન્યો.

હવે, એ બગીચામાં બધાની સાથે વાતો કરવા લાગ્યું. પંખીઓ આવતા ને ઝાડ પર બેસતા, વાતો કરતા. બગીચામાં બધાને આનંદ.

– (સાભાર : બાલસેતુ – ડીસેમ્બર–૨૦૧૪)

■